# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-03-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું -દેશના દરેક પરિવારને પૂરતું પોષણ આપવાનું સરકારનું લક્ષ્ય.
2) પ્રધાનમંત્રીએ દાદરા નગર હવેલી , દીવ અને દમણના કેન્દ્રશાસિત પ્રદેશને દેશનો વારસો ગણાવ્યો
3) ગુજરાતની મુલાકાતે આવેલા લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ જિલ્લા-શહેરોના પ્રમુખો સાથે બેઠક કરી
4) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , ભારત ઉડ્ડયન ઈકોસિસ્ટમનું મજબૂત આધાર સ્તંભ
5) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ GSRTC દ્વારા હોળી ધૂળેટીના તહેવાર નિમિત્તે વધારાની 820 બસો સંચાલન કરાશે.
6) મહિલાઓની ક્રિકેટ પ્રીમિયર લીગમાં આજે લખનૌમાં ગુજરાત જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મુકાબલો

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM SURAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે , દેશના દરેક પરિવારને પૂરતું પોષણ આપવાનું સરકારનું લક્ષ્ય છે અને તે માટે સરકાર લાભાર્થી સુધી પહોંચી રહી છે.

સુરતમાં આજે સુરત જિલ્લા અન્ન સુરક્ષા સંતૃપ્તિકરણ અભિયાનનો શુભારંભ કરાવતા પ્રધાનમંત્રીએ કહ્યું કે , એક પણ લાભાર્થી લાભથી વંચિત ના રહે તે માટે સરકાર સંતૃપ્તિકરણનો અભિગમ અપનાવ્યો છે.

(બાઇટ – નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

આ પ્રસંગે શ્રી મોદીએ 2.3 લાખથી વધારે લાભાર્થીઓને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ લાભનું વિતરણ કર્યું હતું.વિકસિત ભારતના નિર્માણમાં પૌષ્ટિક ભોજનની ભૂમિકા મોટી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે સરકાર સ્વચ્છતા પર વિશેષ ભાર આપી રહી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે છેલ્લા એક દાયકાથી તેમની સરકાર ગરીબ કલ્યાણ માટે મિશનમોડ પર કામ કરી રહી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે સરકારી વીમા યોજના , વન નેશન વન રાશન કાર્ડથી ગરીબોને મોટો ફાયદો થયો છે.

સુરતમાં શરૂ કરાયેલી આ પહેલ બીજા જિલ્લાઓ માટે ઉદાહરણરૂપ હોવાનું પણ તેમણે કહ્યું હતું

. . . . . . . . . . . . .

# PM SELVAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દાદરા નગર હવેલી , દીવ અને દમણ કેન્દ્રશાસિત પ્રદેશને દેશનો વારસો ગણાવ્યો છે. અને સંઘપ્રદેશને સમાવેશી ધરાવતો આદર્શ પ્રદેશ બનાવવા માટે સરકારની પ્રતિબદ્ધતાને પુનોચ્ચાર કર્યો છે. સિલ્વાસામાં જાહેર સભાને સંબોધતા , પ્રધાનમંત્રીએ અનેક સામાજિક સુરક્ષા યોજનાઓમાં સંતૃપ્તિ પ્રાપ્ત કરવા બદલ કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટની પણ પ્રશંસા કરી.

**(બાઇટ: નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી (SATURATION)**

શ્રી મોદીએ કહ્યું કે રેલવે અને રોડ નેટવર્કના વિકાસથી કેન્દ્રશાસિત પ્રદેશમાં પ્રવાસનને વેગ મળ્યો છે. પ્રદેશમાં ચાલી રહેલા વિવિધ પ્રવાસન પ્રોજેક્ટ્સ પર પ્રકાશ પાડતા, શ્રી મોદીએ જણાવ્યું કે કેન્દ્રશાસિત પ્રદેશ દેશના લોકપ્રિય પ્રવાસન આકર્ષણોમાંનું એક બની ગયું છે.

**(બાઇટ: નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી (TOURISM)**

આ અગાઉ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સિલ્વાસામાં નમો હોસ્પિટલના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યું હતું. શ્રી મોદીએ સિલ્વાસામાં 2 હજાર 587 કરોડ રૂપિયાના 62 પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યો હતો. જેમાં વિવિધ ગામડાના રસ્તાઓ, શાળાઓ, આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો , પંચાયત અને વહીવટી ઇમારતો, આંગણવાડી કેન્દ્રો , પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા સહિતની સુવિધાઓનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . .

# RAHUL GANDHI VISIT

ગુજરાતની મુલાકાતે આવેલા લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને પૂર્વ નેતાઓ સાથે બેઠક કરી હતી , ત્યારબાદ તેઓએ રાજકીય બાબતો , ફ્રન્ટલ સેલ ડિપાર્ટમેન્ટના વડા સાથે અને જિલ્લા-શહેરોના પ્રમુખો સાથે પણ બેઠક કરી હતી.

રાહુલ ગાંધી સવારે સાડા નવ વાગે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા. શ્રી ગાંધી આવતીકાલે સવારે કોંગ્રેસના કાર્યકરો સાથે સીધો સંવાદ કરશે. સાથે જ કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશન અંગે પણ રાહુલ ગાંધી ચર્ચા કરશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# CM GIFT CITY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , ભારત ઉડ્ડયન ઈકોસિસ્ટમનું મજબૂત આધાર સ્તંભ છે. ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં ઈન્ડીયા એરક્રાફ્ટ લિઝિંગ એન્ડ ફાઈનાન્સિંગ સમિટના પ્રારંભે શ્રી પટેલે આમ જણાવ્યું હતું. શ્રી પટેલે ઉમેર્યું કે વૈશ્વિક પુરવઠા કડીમાં ગુજરાતના વધતા પ્રભાવને પરિણામે ગ્લોબલ ઓરીજીનલ ઇક્વિપમેન્ટ ઉત્પાદકો ગુજરાતમાં આકર્ષાય છે.

આ પ્રસંગે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુએ જણાવ્યું કે ગુજરાત ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને પોલિસી ડ્રીવન ગવર્નન્સથી વિકાસનું ગ્રોથ એન્જિન બન્યુ છે.

. . . . . . . . . . . . .

# Vidhansabha – Kanu Desai

નાણામંત્રી કનુ દેસાઈએ જણાવ્યું કે નાણાકીય શિસ્ત અને માળખાગત વિકાસ સાથે ગુજરાત સુશાસન સૂચકાંકમાં દેશમાં પ્રથમ ક્રમે છે. અંદાજપત્રની ચોથા અને અંતિમ દિવસની સામાન્ય ચર્ચામાં પોતાના વિચારો રજૂ કરતા , શ્રી દેસાઇએ જણાવ્યું કે અંદાજપત્રમાં સૂચવેલ યોજનાઓનું અસરકારક અમલીકરણ કરીને સમૃદ્ધ સમાજનું નિર્માણ કરવું, એ જ અમારું મૂળ લક્ષ્ય છે. છેલ્લા દાયકામાં સરેરાશ 8.2 ટકાના ઉંચા વિકાસ દર સાથે ગુજરાતની સતત અગ્રેસર છે. રાજ્યના મહેસૂલી અને મૂડી ખર્ચનો ગુણોત્તર દેશના તમામ મોટા રાજ્યોમાં સૌથી ઓછો છે

. . . . . . . . . . . . .

# VIDHANSABHA BALVANTSINH

વિધાનસભા ગૃહમાં સભ્યશ્રીએ પૂછેલા પ્રશ્નના જવાબમાં મુખ્યમંત્રીશ્રી વતી મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે ગત વર્ષ 2024માં રાજ્યમાં પડેલા કમોસમી અને ભારે વરસાદમાં થયેલા નુકસાન સામે ખેડૂતોને સહાય ચૂકવવામાં માટે રાજ્ય આપત્તિ પ્રતિભાવ નિધિ-SDRFમાંથી કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગને 1 હજાર 333 કરોડ 62 લાખ રૂપિયાની ફાળવણી કરાઇ હતી. છેલ્લા પાંચ વર્ષમાં કેન્દ્ર સરકારે SDRF હેઠળ 75 ટકા લેખે 5 હજાર 852 કરોડ રૂપિયા તેમજ રાજ્ય સરકારે 25 ટકા લેખે 1 હજાર 949 કરોડ રૂપિયાની ફાળવણી કરી છે.

. . . . . . . . . . . . .

# VIDHANSABHA

વિધાનસભા ગૃહમાં અરવલ્લી, સાબરકાંઠા અને છોટાઉદેપુર જિલ્લામાં જમીન રી-સરવેની કામગીરી અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મુખ્યમંત્રી વતી જવાબ આપતા ઉદ્યોગ મંત્રી બલવંતસિહ રાજપૂતે જણાવ્યું છે કે , જમીન રી-સરવેની કામગીરી સંપૂર્ણ પારદર્શી રીતે કરીને રાજ્યનો એક પણ ખેડૂત રહી ન જાય એ જ અમારો નિર્ધાર છે. શ્રી રાજપૂતે ઉમેર્યું કે , રાજ્યના 33 જિલ્લામાં 272 તાલુકા , 18 હજાર 723 ગામ માટે રી-સરવેની કામગીરી હાથ ધરવાનું નક્કી કરાયું હતું જે પૈકી 18 હજાર 46 ગામોને રી-સરવેની કામગીરી હેઠળ આવરી લેવાયા છે. શ્રી રાજપૂતે જણાવ્યું કે છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં રી-સરવે અંગેની 12 હજાર 191 અરજીઓ તથા સાબરકાંઠા જિલ્લામાં 22 હજાર 226 અરજીઓનો નિકાલ કરાયો છે. જે અરજીઓ પેન્ડીંગ છે તે ગામોના કલસ્ટર બનાવી માઈક્રો પ્લાનીંગથી અરજીઓના નિકાલની કામગીરી પ્રગતિમાં છે. છોટા ઉદેપુર જિલ્લામાં 4 હજાર 754 અરજીઓમાંથી 3 હજાર 578 અરજીઓનો નિકાલ કરાયો છે.

‘સ્ટુડન્ડ પોલીસ કેડેટ ’ની તાલીમ અંગે ગૃહ રાજ્ય મંત્રી વતી મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે રાજ્યમાં છેલ્લા બે વર્ષ દરમિયાન કુલ 92 હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ અપાઈ હતી. શ્રી વિશ્વકર્માએ જણાવ્યું કે સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને ‘સ્ટુડન્ડ પોલીસ કેડેટ’ની તાલીમ અપાય છે. જે અંતર્ગત છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં 3 હજાર 435 વિદ્યાર્થીઓને તાલીમ અપાઈ છે.

. . . . . . . . . . . . .

# GSRTC EXTRA BUS

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ GSRTC દ્વારા હોળી ધૂળેટીના તહેવારને વધારાની 820 બસો સંચાલન કરાશે. યાદીમાં જણાવ્યા અનુસાર તારીખ 9 માર્ચથી 13 માર્ચ દરમિયાન ડાકોર , દાહોદ, ગોધરા, ઝાલોદ, ફતેપુરા, બારિયા, છોટા ઉદેપુર તરફના મુસાફરોના ધસારાને પહોંચી વળવા અમદાવાદ મધ્યસ્થ બસ સ્ટેશન, વકીલ સાહેબ બ્રિજ બોપલ , તેમજ ઓઢવ રિંગ રોડ પરથી વધારાની બસો દોડાવાશે.

તો બીજી તરફ , દ્વારકામાં ફૂલડોલ ઉત્સવ નિમિત્તે જામનગરથી વધારાની બસો દોડાવવામાં આવશે. પાંચ ડેપોની બસો દોડાવવામાં આવશે ,૫૧ થી વધુ મુસાફરોના ગૃપ બુકિંગ પર નિયત વિસ્તારથી વતન મૂકવા સુધીની વ્યવસ્થા પણ કરાઈ

. . . . . . . . . . . . .

# BHAVNAGAR - PRESS CONFERANCE

ભાવનગરમાં આગામી ૯ મી માર્ચથી "નમો સખી સંગમ મેળો" યોજાશે. કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેન બાંભણીયાએ આજે પત્રકાર પરિષદને સંબધોતા જણાવ્યું કે, આ મેળામાં આર્ટ અને ક્રાફ્ટ , ઓર્ગેનિક ફૂડ, હેન્ડલુમ, બીડ વર્ક, કલા કારીગીરી શૃંગાર અને ખાદ્ય ચીજ વસ્તુઓને પ્રદર્શીત કરાશે.

(**બાઇટ**: કેન્દ્રીય રાજયમંત્રી, નિમુબેન બાંભણીયા)

. . . . . . . . . . . . .

# WPL MATCH

મહિલાઓની ક્રિકેટ પ્રીમિયર લીગની મેચ આજે લખનૌમાં દિલ્લી કેપિટલ્સ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે રમાશે. જેમાં ગુજરાત જાયન્ટ્સએ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. જો કે , મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે. ઉલ્લેખનીય છે કે,પોઈન્ટ ટેબલ પર દિલ્લી પહેલા અને ગુજરાત ત્રીજા સ્થાને છે.

. . . . . . . . . . . . .